જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૧૧/૦૬/૨૦૨૦ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૯૩૯/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૫૧૭ | ૬ | ૮૫૨૩ | ૧૪૬૨૮ | ૬ | ૧૪૬૩૪ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૨૭ | ૦ | ૪૨૨૭ | ૫૭૩૯ | ૦ | ૫૭૩૯ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૨૯ | ૦ | ૨૯ | ૧૯૯ | ૦ | ૧૯૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૫૭૫ | ૨૮ | ૭૬૦૩ | ૮૫૮૮ | ૨૦ | ૮૬૦૮ |
| કુલ | | ૨૦૩૪૮ | ૩૪ | ૨૦૩૮૨ | ૨૯૧૫૪ | ૨૬ | ૨૯૧૮૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૭૮ | ૪૧,૫૦૦/- |

# <u>પ્રોહીના ગુનાના આરોપીની અટાકયતની વિગત</u>

## **<u>ઇસનપુર પોલીસ સ્ટેશન :-</u>**

## <u>ભારતીય બનાવટનો વિદેશી દારૂનો ગણના પાત્ર કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી “જે” ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય અને હાલમા પ્રોહીબિશન અંગેની ડ્રાઇવ ચાલતી હોય આજરોજ તા ૧૦/૦૬/૨૦૨૦ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશનના સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ તથા સર્વેલન્સ સ્કોડ ઇન્ચાર્જ પો.સબ.ઇન્સ આર.આર.ગળચર નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પ્રોહી અંગેની ડ્રાઇવ અનુસંધાનમા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા અ.હે.કો કિશનભાઇ ભીખાભાઇ તથા અ.પો.કો દેવેન્દ્રસિહ વેલુભા તથા લોકરક્ષક મહાવીરસિહ સિધ્ધરાજસિહ નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે મ.નં ૯૦ શક્તિનગર સોસાયટી લાલ બંગલાની બાજુમા ઇસનપુર પ્રકાશભાઇ મહેશભાઇ રાણા ના ઘરે પ્રોહી અંગેની રેઇડ કરી ભારતીય બનાવટના વિદેશીદારૂની શીલબંધ બોટલ નંગ-૪૪ કિંમત રૂપિયા ૨૬,૪૦૦/-ના મુદ્દામાલ સાથે આરોપી બહેન દર્શના વા/ઓ પ્રકાશભાઇ મહેશભાઇ રાણા ઉ.વ ૨૫ રહે,મ.નં ૯૦ શક્તિનગર સોસાયટી લાલ બંગલાની બાજુમા ઇસનપુર અમદાવાદ શહેરનાને પકડી પાડી તથા આરોપી પકડી પાડી તથા આરોપી પ્રકાશભાઇ મહેશભાઇ રાણા નાનો ઘરે હાજર નહી મળી આવતા તેને વોન્ટેડ બતાવી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-સી-૧૧૧૯૧૦૨૨૨૦૦ ૮૪૫/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(૧)બી,૬૫એ,ઇ,૧૧૬(બી),૮૧ મુજબ ગુનો દાખલ કરી કાર્યવાહી કરેલ છે તા ૧૦/૦૬/૨૦૨૦

**ઇસનપુર પોલીસ સ્ટેશન :-**

## દેશીદારૂ ૧૩૨ લીટર કિંમત ૨૬૪૦/-તથા સી.એન.જી રીક્ષા તથા હીરો સ્પ્લેન્ડર મો.સા મળી રૂપિયા ૧,૪૭,૬૪૦/-નો મુદ્દામાલ પકડી પાડી કેસ શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી “જે” ડીવીજન સાહેબ નાઓ તરફથી અવાર-નવાર પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવુત્તી નેસ્ત નાબુદ કરવા માટેની સુચનાઓ મળતી હોય અને હાલમા પ્રોહીબિશન અંગેની ડ્રાઇવ ચાલતી હોય આજરોજ તા ૧૦/૦૬/૨૦૨૦ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશનના સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ તથા સર્વેલન્સ સ્કોડ ઇન્ચાર્જ પો.સબ.ઇન્સ આર.આર.ગળચર નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પ્રોહી અંગેની ડ્રાઇવ અનુસંધાનમા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા અ.હે.કો મો.અશરફ ઇસ્માઇઅભાઇ તથા લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ તથા લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે આજરોજ તા ૧૦/૦૬/૨૦૨૦ ના કલાક ૦૭/૪૫ વાગે ઇસનપુર યુગાન્ડા પાર્કના નાકેથી દેશીદારૂ ૧૩૨ લીટર કિંમત રૂપિયા ૨૬૪૦/- સાથે આરોપીઓ (૦૧) શોભાબેન વા/ઓ રાજેન્દ્રભાઇ ચતુરભાઇ ચુનારા ઉ.વ ૩૭ રહે,રામગલીના છાપરા ચુનારાવાસ ઇસનપુર અમદાવાદ શહેર તથા (૦૨) આનંદ દશરથભાઇ ચુનારા ઉ.વ ૨૨ રહે, મ.નં ૧૦૬ સ્વસાર ફ્લેટ ગામ-ગામડી-ચોસર તા-દસકોઇ જી-અમદાવાદ શહેર મુળ રહે,સરખેજ પોલીસ સ્ટેશનની પાછળ શસ્ત્રીનગર ઝુપડપટ્ટીમા સરખેજ અમદાવાદ શહેરનાઓને સી.એન.જી રીક્ષા નં જી.જે-૦૧ ટી.એફ-૦૦૩૭ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- તથા હીરો સ્પ્લેન્ડર મો.સા નં જી.જે-૨૭ સી.કે-૨૮૧૯ કિંમત રૂપિયા ૪૫,૦૦૦/-ની મળી કુલ રૂપિયા ૧,૪૭,૬૪૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-સી-૧૧૧૯૧૦૨૨૨૦૦૮૪૪/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫(ઇ),૮૧, ૯૮(૨) મુજબ ગુનો દાખલ કરી કાર્યવાહી કરેલ છે તા ૧૦/૦૬/૨૦૨૦

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૪૦/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૬ કેસ કરી, ૭૨ વ્યક્તિઓને ઝડપી, ૬૦૦ લીટર દેશી દારૂ, ૪૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩ રિક્ષા અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૫૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૪૧/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૯૪૨/૨૦૨૦**

**ઇસનપુરઃ** ભરતકુમાર વિષ્ણુપ્રસાદ વ્યાસ (ઉ.વ.૬૩) (રહે. ઇશ્વરનગર સોસાયટી સરદાર પટેલ સ્કુલ પાસે ઇસનપુર) એ તા.૧૦/૦૬/૨૦૨૦ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૨/૨૦૧૯ ના રોજ મોબાઈલમાં “Crowley maritime shipping company” માં નોકરીની જાહેરાત આવેલ જે નોકરી માટે ભરતકુમારે આ કંપનીના ઇમેલ એડ્રેસ પર નોકરી માટે ઇમેલ કરેલ જેથી તા.૨૦/૧૨/૧૯ ના રોજ રિપ્લાય આવેલ અને મો.નં.૯૭૬૪૫૮૬૩૧૨ આપેલ જે નંબર પર સંપર્ક કરતા મી.ઇડગાર્ડ કેગનના નામથી વાત કરનાર અજાણી વ્યક્તીએ ભરતકુમારને નોકરીની લાલચ આપી જુદી-જુદી પ્રોસેસીંગ ફી પેટે ભરતકુમાર પાસેથી રૂપિયા ૧,૧૧,૦૦૦/- તેઓના જુદા-જુદા બેન્ક ખાતામાં ભરાવડાવેલ તેમજ તા.૧૯/૦૫/૨૦૨૦ ના રોજ ભરતભાઈનુ પેટીએમ કેવાયસી રીન્યુ કરવાનો ખોટો મેસેજ કરી ભરતભાઈને વિશ્વાસમાં લઈ ગુગલ પ્લેસ્ટોર માંથી ટીમવ્યુઅર ખોલાવી ભરતભાઈના બેન્કના ખાતા માંથી જુદા-જુદા ટ્રાન્જેક્શનો થઈ કુલ રૂપિયા ૩,૯૫,૩૭૪/- તથા બીજા ખાતા માંથી જુદા-જુદા ટ્રાંજેકશનો મળી કુલ રૂપિયા ૩,૦૨,૩૯૦/- તથા ક્રેડીટ કાર્ડમાંથી જુદા-જુદા ટ્રાન્જેકશનો મળી ઇન્ટરનેટ માધ્યમથી કુલ રૂપિયા ૮,૩૧,૭૮૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.બી.સાંખલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૯૪૩/૨૦૨૦**

**શહેરકોટડાઃ** નિરજ અશોકકુમાર દત્તાણી (ઉ.વ.૨૮) (રહે. જગતનગર વિભાગ-૨, ઇન્ડીયા કોલોની, બાપુનગર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૬/૨૦૨૦ સાજના ૬/૪૫ વાગ્યાના સુમારે નરોડા રોડ ફ્રુટ માર્કેટની સામે આવેલ કેરીની દુકાન આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનુ લોક તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગની ચોરી કરી લઇ ગઈ છે. બેગમાં લેપટોપ કિમત રૂપિયા ૧૦,૦૦૦/-, રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- તેમજ જરૂરી કાગળો હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.પી.ચૌધરી ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૪૪/૨૦૨૦**

**નિકોલઃ** અરવિંદભાઈ ઈશ્વરભાઈ પટેલ (ઉ.વ.૫૯) (રહે.વિન્ટેજ વિલેઝ હોટલ ફાર્મ એસ.પી.રીંગ રોડ નિકોલ) તા.૦૯/૦૬/૨૦૨૦ સાજના ૭/30 વાગ્યાના સુમારે વિન્ટેજ વિલેઝ હોટલ દાસ્તાન ફાર્મ ખાતે ટોરેન્ટ પાવરના બાવલા ઉપર ઈલેકટ્રીક વાયરીંગનુ કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચીમનસિહ ગુલાબસિહ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૪૫/૨૦૨૦**

**દાણીલીમડાઃ** શક્તિ સ/ઓ નટવરભાઇ વાઘેલા (ઉ.વ.૨૫) (રહે. ઇન્દીરાનગર વિભાગ-૧ લાંભા અસલાલી) તા.૧૦/૦૬/૨૦૨૦ કલાક ૧૦/30 વાગ્યાના સુમારે શક્તિ પી.ડબલ્યુ.ડી. ઓફીસ સામે કિરણ નામની ફેકટરીમાં આવેલ ઓફીસની બાજુમા છતના ભાગે કામ કરતા હતા ત્યારે પતરૂ તુટી જતા ઉપરથી નીચે પટકાતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભુપેન્દ્રસિહ વિક્રમસિહ ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** ઘાટલોડીયા કર્મચારી સ્કુલ પાસે રબારીવાસ ખોડીયારનગર ગેટ નંબર-૧ ખાતે રહેતા વિરમભાઇ માલજીભાઇ રબારીની પત્નીએ અગમ્ય કારણસર તા.૧૦/૦૬/૨૦૨૦ સાજના ૭/00 વાગ્યાના સુમારે છ વર્ષની પુત્રી સાન્વીને લઈ ધાબા પરથી પડતુ મુકતા વિરમભાઈની પત્નીને ગંભીર ઈજાઓ થતા સોલા સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરવામાં આવ્યા છે અને વિરમભાઈની પુત્રી સાન્વીને ગંભીર ઈજાઓ થતા તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ડાંગર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૪૬/૨૦૨૦**

**ઘાટલોડીયાઃ** પ્રકુલભાઇ નાનાભાઇ દેસાઇ (ઉ.વ.૫૫) (રહે. રઘુકુળ એપાર્ટમેન્ટ સોલા રોડ ઘાટલોડીયા) છેલ્લા પાંચેક વર્ષ પહેલા જી.આઇ.ડી.સી.માં ટ્રાઇડેન્ટ મલ્ટીપ્રોલીપેથ નામની પ્લાસ્ટીકની કંપની ધરાવી વેપાર કરતા હતા જેમા નુકશાન આવવાના કારણે દેવુ થઈ જતા ડીપ્રેશનમાં આવી તા.૧૦/૦૬/૧૯ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેષભાઇ દલસંગભાઇ ચલાવે છે.

**એલીસબ્રીજ**: પાયલબહેન ડો/ઓફ ભરતભાઈ વાઘેલા (ઉ.વ.૨૦) (રહે. આંબેડકર કોલોની આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૬/૨૦૨૦ બપોરના ૩/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.કે.ચૌધરી ચલાવે છે.

**નરોડા**: પ્રિયંકકુમાર સ/ઓ ભાવીનભાઇ લશ્કરી (ઉ.વ.૧૫) (રહે. કુદરત હાઇટ્સ જ્યોતી રેસીડન્સીની બાજુમાં નવયુગ સ્કુલ સામે નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૬/૨૦૨૦ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજીતસિહ કલ્યાણસિહ ચલાવે છે.

**કાગડાપીઠ**: જીતેન્દ્રકુમાર સ/ઓ રમેશકુમાર શારડા (ઉ.વ.૩૮) (રહે. રીચ મોન્ડ ગ્રેન્ડ, મકરબા, સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૬/૨૦૨૦ સાજના ૬/૦૦ વાગ્યા પહેલાં રાયપુર બિગબજાર મોલ પાછળ સિટી સેન્ટર-૨ દૂકાન નંબર- ડી/૪૦૧૦ ખાતે પંખાના હુકમાં કપડુ બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રવિકાંત બચુભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી